CS(M) EXAM2012

G-DTN-M-HVKB

# GUJARATI

## Paper II

## (Literature)

| | |
|---|---|
| *Time Allowed : Three Hours* | *Maximum Marks : 300* |

*INSTRUCTIONS*

***Candidates should attempt questions no. 1 and 5 which are compulsory, and any THREE of the remaining questions, selecting at least ONE question from each Section.***

***The number of marks carried by each question is indicated at the end of the question.***

***Answers must be written in Gujarati.***

***IMPORTANT : Whenever a question is being attempted, all its parts/sub-parts must be attempted contiguously. This means that before moving on to the next question to be attempted, candidates must finish attempting all parts/sub-parts of the previous question attempted. This is to be strictly followed.***

***Pages left blank in the answer-book are to be clearly struck out in ink. Any answers that follow pages left blank may not be given credit.***

## SECTION A

1. નીચે આપેલ *પાંચેય* કૃતિ અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો. (150 શબ્દોમાં) *12×5=60*

   (a) 'સમયનું લવ ભાન રહે નહિ,
   અવધિ અંકુશ સ્નેહ સહે નહિ.'

   (b) 'અભિનવો આનંદ આજ, અગોચર ગોચર હવું'

   (c) 'સાંઇ આસસે સબ કૂછ હોત હે
   મૂજ બંદેસે કછૂ નાહિ
   રાઇ કા પરબત કરે
   પરબત બાગે માહી'

   (d) 'અરછોદ નામિ સર, પ્રૂઢ એટલિ દીઢ્ અશ્વારૂઢ ઊપરિ
   તરુઅર શાલ તમાલ, છાહયા છત્રાકાર રસાલ'

   (e) ભમરલા છાંડિ ન પાખલ ખાંખલ થ્યાં અમ્હ સઇર
   ચાંદુલા સઇરસંતાપણ આપણ તાં નહીં વઇર.

2. નીચેના *ત્રણ* વિશે સદષ્ટાંત એ સમીક્ષાત્મક ચર્ચા આલેખો. (250 શબ્દોમાં) *20×3=60*

   (a) 'ચંદ્ર-ચંદ્રાવતીની વાર્તા' નું પાત્રાલેખન.

   (b) 'કાદંબરી આખ્યાન' પીડાથી પ્રસન્નતા સુધની પાત્રાનું કાવ્ય છે.

   (c) 'અખેગીતા' માં અખાની પ્રજ્ઞા અને પ્રતિભા પ્રગટે છે.

3. નીચેના *બે* વિશે વિવેચનાત્મક નોંધ લખો. (400 શબ્દોમાં)

*30×2=60*

(a) 'સુદામાચરિત્ર' માંથી પ્રગટતું પ્રેમાનંદનું દર્શન સમજાવીને આખ્યાનકૃતિ તરીકે મૂલ્યાંકન કરો.

(b) અખેગીતામાંથી પ્રગટતું અખાને અભિપ્રેત તત્ત્વદર્શનનો પરિચય કરાવીને અખેગીતાનું ગીતાકાવ્ય પરંપરા સંદર્ભે મૂલ્યાંકન કરો.

4. નીચેના પ્રશ્નોને કૃતિના મર્મ અને સંદર્ભસમેત સમજાવો. (200 શબ્દોમાં)

*15×4=60*

(a) 'મારી હકીકત' પ્રારંભની છતાં મહત્ત્વની આત્મકથા છે.

(b) 'પૂર્વાલાપ' માં છંદવૈવિધ્ય, વિષયવૈવિધ્ય સાથે જીવનદર્શન પણ સંમિલિત છે.

(c) 'વસંત વિલાસ' ફાગુનાં લક્ષણોને ઉદ્‌ઘાટિત કરે છે.

(d) 'ફાર્બસવિરહ' માંથી ઉપસતું કરુણપુશસ્તિનું સ્વરૂપ સ્પષ્ટ કરો.

## SECTION B

5. નીચેના ***પાંચેય*** અંશોનું સંદર્ભ મૂલ્ય સમજાવો. (150 શબ્દોમાં) *12×5=60*

   (a) 'સાધન બીજ છે, સાધ્ય વૃક્ષ છે.'

   (b) 'આ દનના બાપડાનાય ટાંટિયા ભૂખે ભાંગી ગયા છે કે શું ? તે હેંડતા જ નથી.'

   (c) 'તને જોઇ-જોઇ તોય તું અજાણ્યાં'

   (d) 'કાવ્ય અને જાતિ બન્ને આત્માના એક જ રહસ્યબિંદુમાંથી પ્રગટ થાય છે.'

   (e) કાન જો આંખ હોય તો શબ્દ એને પ્રકાશ લાગે.

6. દૃષ્ટાંતો સાથે વિવેચનાત્મક વિવરણ કરો. (400 શબ્દોમાં) *30×2=60*

   (a) 'પાટણની પ્રભુતાંનુ' ઐતિહાસિક નવલકથા તરીકે મૂલ્યાંકન.

   (b) 'અશ્વત્થામાં' નું નાટ્યકૃતિ તરીકે મૂલ્યાંકન.

7. નીચેના વિશે વિવેચનાત્મક નોંધ લખો. (400 શબ્દોમાં) *30×2=60*

   (a) 'હિંદસ્વરાજ' ની વિષયસામગ્રી અને ગદ્ય.

   (b) 'પાટણની પ્રભુતા' માંથી પ્રગટતી મુનશીની સંઘર્ષનિરૂપણકલા, વર્ણનકલા અને સંવાદકલા શક્તિ.

8. નીચેના ***ચારેય*** વિશે ટૂંકનોંધ લખો. (200 શબ્દોમાં) *15×4=60*

(a) કાળુની બહુપરિમાણી ચરિત્રરેખાઓ.

(b) 'ધ્વનિ' ની ગીતરચનાઓનું ભાવવિશ્વ અને લય.

(c) 'જનાન્તિક' નું સર્જનાત્મક ગદ્ય, કલ્પનો, અલંકારો અને લખ્નાં દૃષ્ટાંતો સાથે.

(d) 'સૌરાષ્ટ્રથી રસધાર-૧' નાં નારી ચરિત્રોમાંથી પ્રગટતાં ખમીર અને ખુમારીનાં પાસાંઓ.